# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## CHOTAUDEPUR RAKTPITT

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યના ૧૨ જિલ્લાઓમાં તા.૧૦/૦૬/૨૦૪ થી રક્તપિત દર્દી શોધ અભિયાન આદરવામાં આવ્યું છે.

જે અન્વયે છોટાઉદેપુર જિલ્લાના ૬ તાલુકાના ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૧૦ આયુષ્માન આરોગ્ય મંદિર અને એક શહેરી આરોગ્ય કેન્દ્રના તાબામાં આવતા તમામ ગામોમાં આ કામગીરી કરવામાં આવી રહી છે. આશા બહેનો તથા પુરૂષ સ્વયં સેવકોની ૧ હજાર ૧૧૫ ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને રક્તપિતના શંકાસ્પદ કેસ શોધવાની કામગીરી ચાલી રહી છે. રક્તપિત દર્દી શોધ અભિયાનની કામગીરી દરમિયાન તા.૧૪મી જૂન સુધીમાં જિલ્લાના ૮૩ હજાર ૫૫૩ ઘરોની મુલાકાત લઈ ૪ લાખ ૭ હજાર ૨૫૬ લોકોની તપાસ કરવામાં આવી છે. આ તપાસમાં જિલ્લામાં ૧ બાળક સહીત રક્તપિતના કુલ ૨૯ દર્દીઓ મળી આવ્યા છે, જેમાં ૮ બિન ચેપી તથા ૨૧ ચેપી પ્રકારના કેસ ધ્યાને આવ્યા છે. જેમાં ૧ બાળ દર્દીને ચેપી પ્રકારનો રક્તપિત છે. તમામ દર્દીઓને સારવાર હેઠળ મુકવામાં આવ્યા છે.

--------------

## DUDHSAGAR DAIRY

મહેસાણાની દૂધ સાગર ડેરીની 64 મી વાર્ષિક સાધરણ સભા ડેરી હોલ ખાતે યોજાઈ હતી. સભામાં સૌથી વધુ દૂધ ઉત્પાદકોનું સન્માન પણ

કરવામાં આવ્યું હતું. દૂધ સાગરડેરીના ચેરમેન અશોક ચૌધરી દ્વારા સાધારણ સભામાં વિવિધ જાહેરાતો કરવામાં આવી હતી.જેમાં ડેરીનું ટર્ન ઓવર 7 હજાર 594 કરોડ સુધી પહોંચી ગયું છે. 402 કરોડના ભાવ વધારાની પણ  જાહેરાત કરાઈ હતી. 10 ટકા શેર ડિવિડન્ડ પણ આપવામાં આવશે, તેવી પણ જાહેરાત કરાઇ હતી. દૂધ મંડળીઓને સોલાર પ્લેટ માટેની સહાયમાં રૂપિયા 25 થી વધારીને રૂપિયા 1 લાખ સુધી કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. આ સાધરણસભામાં સાહીત્ય કાર ડો.રઘુવીર ચૌધરીને સન્માનપત્ર આપી તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું..

................................

## DAMAN YOGA

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં વિવિધ 4 સ્થળોએ વિવિધ સમુદાયો સાથે યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન આરોગ્ય વિભાગ અને આયુષ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં  રામજી મંદિર મીતનાવડ મીત સમાજ સાથે , એમ્ફીથિયેટર લાઇટહાઉસ બીચ પર મરાઠી સમાજ, જૂની દીવાદાંડીમાં  ફોર્ટ વિસ્તારના લોકોએ પણ યોગાભ્યાસમાં ભાગ લીધો હતો...દેવકા બીચ ગાર્ડનમાં યોજાયેલા યોગ કાર્યક્રમમાં દમણના પ્રવાસીઓ અને સ્થાનિક મહિલાઓએ ભાગ લીધો હતો અને તેમને વિવિધ રોગો માટે ઉપયોગી યોગાસન વિશે માહિતી આપવામાં આવી હતી.

-----------------

## MAHESANA GRAMPANCHAYAT TB FREE

મહેસાણા જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા ક્ષય કેન્દ્ર મહેસાણા દ્વારા બેઠક યોજાઇ હતી.

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત દર્દીઓને પોષણકીટ આપવામાં આવી હતી. દર્દીઓને દત્તક લેવાનું અભિયાન પણ કાર્યરત છે. ટીબી મુક્ત પંચાયત અભિયાન અંતર્ગત મહેસાણા જિલ્લાની તમામ ગ્રામ પંચાયતને ટીબી મુક્ત પંચાયત બનાવવા કલેક્ટરે અપીલ કરી હતી. 2025 સુધીમાં ટીબી હારેગા દેશ જીતેગાની મુહિમને સકારાત્મક દિશામાં આગળ વધારવામાં પણ આવશે, તે અંગેની પણ સમિતિની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી..

----------------

## BAKRI EID

આવતીકાલે સમગ્ર દેશમાં મુસ્લિમ સમુદાય દ્વારા ઉજવનાર ઇદ-અલ-અધા એટલે કે બકરી ઇદના તહેવારને અનુલક્ષીને પોલીસ તંત્ર સજ્જ છે.

અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે જિલ્લામાં બકરી ઇદના તહેવારને અનુલક્ષીને નાયબ પોલીસ અધિક્ષક તથા અન્ય પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અલગ-અલગ વિસ્તારમાં ફૂટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું.

----------------------------

## GANDHINAGAR YOGA

ગાંધીનગર જિલ્લામાં ૧૦મા વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૪૬૨ સ્થળે કરાશે. બે લાખ ૬૦ હજાર જેટલા નાગરિકો સહભાગી બનશે..દશમા વિશ્વ યોગ દિવસની ઉજવણી ' સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ ઉપર ઉજવવામાં આવશે. આ વર્ષે ગાંધીનગર જિલ્લામાં દશમા વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત ૧૩ આઇકોનિક સ્થળ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં અડાલજની વાવ, ત્રિમંદિર, મહાત્મા મંદિર, ડભોડિયા હનુમાન મંદિર, સહિતના સ્થળોએ આ કાર્યક્રમ યોજાશે.. તેમણે ઉમેર્યું હતું કે, જિલ્લા કક્ષાનો કાર્યક્રમ શહેરી અને ગ્રામ્ય એમ વિસ્તારમાં અલગ અલગ થશે. જેમાં શહેરી કક્ષાનો કાર્યક્રમ સ્વર્ણિમ વિસ્ટા પાર્ક અને ગ્રામ્ય કક્ષાનો સ્વામિનારાયણ ગુરૂકુલ, કલોલ ખાતે યોજાશે.

.................